**કલમ–૪ (૧) (બી) (૧) :– સંસ્થાના કાર્યો અને ફરજોની વિગતો :–**

સુરત મહાનગરપાલિકાના મ્યુ.વર્કશોપ વિભાગ મારફત જુદા જુદા ખાતાઓના જેવા કે, એન્જીનીયરીંગ , આરોગ્ય, ફાયર ખાતુ, કોમનપુલ વિ.વિભાગોના જુદા જુદા મેઈક, મોડેલ અને પ્રકારના મલ્ટીપરપઝ વાહનો તથા મશીનરીઓ જેવી કે ટ્રાન્સપોર્ટ વાહનો ટ્રક, ટ્રેકટર, વોટર ટેન્કરો, ફાયર ફાઈટરો, ખાળકુવા ટેન્કર વિ. તેમજ કાર, જીપ, એમ્બ્યુલન્સ તથા શબવાહિની વિ.તેમજ મશીનરીઓ જેવી કે લોડર, એસ્કેવેટર, સુઅર જેટીંગ મશીન, હોટમીક્ષ પ્લાન્ટ, મેનહોલ, સકશન મશીન, ફાયર બોટના પંપ તથા વર્કશોપમાં વપરાતાં મશીનરીઓના રીપેરીંગ મેઈન્ટેનન્સ તેની પિરીયોડીકલ સર્વિસ, ઓટો ઈલે. ને લગતી બેટરી ચાર્જીંગ સહિતની કામગીરીઓ તથા આર.ટી.ઓ. રજીસ્ટ્રેશન, પાસીંગ તથા વાહનો/ મશીનરીઓના વીમાઓ તથા તે અંગેના એકસીડન્ટના કલેઈમ વિ.કામો તેમજ વાહનો/ મશીનરીઓના પેઈન્ટીંગ કામો તથા તેની ઉપરના લખાણો તેમજ તમામ ખાતાઓની જરૂરિયાત મુજબના લખાણ પેઈન્ટીંગ કામ તેમજ ખાતાઓની માંગણી મુજબના બોર્ડ પેઈન્ટ/લખાણ કરવાના કામો ઓટો–વર્કશોપ વિભાગ મારફતે કરવામાં આવે છે. તથા કંડમ વાહન અને મશીનરીઓની હરાજી વર્કશોપ વિભાગ મારફતે કરવામાં આવે છે.

મ્યુ.વર્કશોપના ફેબ્રીકેશન વિભાગ ધ્વારા જુદા જુદા ઝોન/ખાતાઓના સ્ટીલ ફર્નીચરોના રીપેરીંગ કામો. મહાનગરપાલિકા સંચાલિત મ્યુ.ઓફિસના કલોક ટાવર તથા મસ્કતિ હોસ્પિટલ સામેનું કલોક ટાવરના રીપેરીંગ કામો/ નિભાવના કામો. ટ્રાફીક ખાતાના બોર્ડ,ગ્રીલો,ફર્માઓના કામો,જુદા જુદા ખાતાઓમાં ચાલતાં દબાણોના ડીમોલેશનના કામોમાં ગેસ કટીંગ ,જનરેટરથી સ્ટીલ વિ.કટીંગ કરી આપવાની કામગીરીઓ, ગારબેજ કન્ટેઈનરો તથા વ્હીલ બેરોઝ નવી ખરીદીઓ તથા તેના રીપેર મેઈન્ટેનન્સનું કોન્ટ્રાકટ એજન્સી મારફતે / ખાતાકીય કામગીરીઓ, સ્મીમેર/ મસ્કતિ હોસ્પિટલ તથા મહાનગરપાલિકા સંચાલિત અન્ય હોસ્પિટલોના સાધનો રીપેરીંગ તથા સ્ટીલ ફર્નીચર રીપેરીંગ કરી આપવાના કામો કરવામાં આવે છે.

મ્યુ.વર્કશોપના પેટ્રોલ પંપ વિભાગ મારફત સુરત મહાનગરપાલિકાના તમામ ઝોન/ખાતાઓના વાહનો/ મશીનરીઓ માટે જોઈતું જરૂરી ઈંધણ જેવું કે પેટ્રોલ, ડીઝલ, ઓઈલ, ગ્રીસ, વિ.ની ખરીદીઓ તથા તેની વિતરણની કામગીરી કરવામાં આવે છે.

મ્યુ.વર્કશોપના ઓટો–સ્ટોર વિભાગ મારફત સુરત મહાનગરપાલિકાના વાહનો તથા મશીનરીઓ, જે વર્કશોપમાં રીપેર, મેઈટેનન્સ કે સર્વિસ માટે આવે છે, તેનાં માટે જોઈતાં જરૂરી પાર્ટસ જેવા કે ટાયર, ટયુબ, બેટરી, પેઈન્ટ તથા ઓટો પાર્ટસની ખરીદી કરવામાં આવે છે. વધુમાં વાહનોના રીપેરીંગ મેઈટેનન્સના કામો ઝડપી અને સરળ બને તે માટે ઉપરોકત આઈટમો સ્ટોકમાં રાખવામાં આવે છે અને આ પ્રમાણે જરૂરિયાત મુજબ વસ્તુ ઈસ્યુ કરવા માટે તથા પુરા પાડવા માટે ખરીદી કરવામાં આવે છે. આ ખરીદીઓ માટે કવોટેશન ટેન્ડરો વિ.તેમજ ખરીદીના બીલોની પેમેન્ટની કાર્યવાહી ખરીદીના વિતરણ માટે ઈન્ડેન્ટ આવ્યેથી ઈસ્યુ વાઉચરો બનાવવા તેનું સંબંધિત બજેટ હેડમાં રીકુપમેન્ટ કરવાની કાર્યવાહી પણ આ વિભાગ ધ્વારા કરવામાં આવે છે.